ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય:- શૈ.વર્ષ: ૨૦૨૫-૨૬માં Regarding Aadhaar-based Bio Metric for All INO/HOI ની વિગતો ભરવા બાબત

સંદર્ભ:- નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરીનો પત્ર ક્રમાંક નં.નાનિ/અ.જા.ક./પો.શિ./૨૦૨૫/૪૨૯૧-૯૬ તા. ૧૨/૧૨/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સિસ્ટમ)થી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ દરમ્યાન કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા INO/HOI/DNO/SNO નું Aadhaar based Bio Metric EKYC કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે. તથા તમામ કોલેજ/સંસ્થાના HOI નું EKYC કરવા અંગે લેખિતમાં તથા ટેલીફોનિક તેમજ વોટ્સએપ ગ્રુપમાં પણ સૂચનાઓ આપવામાં આવેલ છે. દરેક કોલેજ/સંસ્થાઓ પોતાના લોગીનમાં "Admin =>Institute/School HOI Details" ઓપ્શનમાં જઈ HOI ની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે. કેન્દ્ર સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HOI/INO નાં Aadhaar based Bio Metric EKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. જેથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાંથી ઉક્ત જણાવ્યા મુજબ ફરજીયાત ફોર્મ ભરવાના રહેશે.જે કોલેજ/સંસ્થાઓના HOIનું EKYC થયેલ હશે તે જ કોલેજ/સંસ્થાઓના વિદ્યાર્થીઓની માહિતી ૬૦% ચૂકવણા માટે કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને મોકલી શકાશે, જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) Head Of Institute (HOI) ની વિગતો ભરવી ફરજીયાત છે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

૩) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

30/12/2025

(Bhakta Kavi Narsinh Mehta University, Junagadh — SCHOLARSHIP)

ડીરેક્ટરશ્રી
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/શિષ્યવૃત્તિ/ ૮૯૭ /૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.30/૧૨/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
## જિલ્લો– દેવભૂમિ દ્વારકા –જામખંભાળીયા

જિલ્લા સેવા સદન,ગ્રાઉંડ ફ્લોર રૂમ નં. સી/જી/૧૧/૧૨ ધરમપુર-લાલપુર રોડ, જામખંભાળીયા
ઇ-મેઇલ dddevbhumi@gmail.com/swo-sjed-khambha@gujarat.gov.in ફોન નં.- ૦૨૮૩૩-૨૩૪૬૦૨

નં.નાનિ/અજાક/પો.શિ./૨૦૨૫/૪૨૭૧-૭૬ તારીખ:૧૦/૧૨/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/
કોલેજો/સંસ્થાઓ,
જિ.દેવભૂમિ દ્વારકા.

**વિષય:-** Regarding Aadhaar-based BioMetric eKYC for all INO/HOI (વર્ષ.- ૨૦૨૫-૨૬)
**સંદર્ભ:-** માન.નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના તા.૧૦/૧૧/૨૦૨૫ ના પત્ર નં.અજાક/ગ-૧/પ/૨૫-૨૬/૪૩૪૨-૭૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા INO/HOI/DNO/SNO નું Aadhaar-based BioMetric eKYC કરવા સુચનાઓ આપેલ છે.

હાલમાં તમામ શાળા/સંસ્થાના HOI નું Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. જે અન્વયે તમામ શાળા/કોલેજ/સંસ્થાના HOI ના eKYC કરવા બાબતે અત્રેથી લેખિતમાં તેમજ સમયાંતરે ટેલિફોનિક તેમજ વોટ્સએપ ગ્રુપમાં પણ સુચનાઓ આપવામાં આવેલ છે.

શાળાઓ પોતાના લોગીનમાં "Student Register => Institute/School HOI Details" ઓપ્શનમાં જઈ તથા કોલેજ/સંસ્થાઓ પોતાના લોગીનમાં "Admin => Institute/School HOI Details" ઓપ્શનમાં જઈ HOI ની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ HOI/INO ના Aadhaar-based BioMetric eKYC કરવાની સુચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાંથી ઉક્ત જણાવ્યા મુજબ ફોર્મ ફરજીયાત ભરવા વિનંતી છે. જે શાળા/સંસ્થાઓના HOI નું eKYC થયેલ હશે તે જ શાળા/સંસ્થાઓના વિદ્યાર્થીઓની માહિતી ૬૦% ચુકવણા માટે કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને મોકલી શકાશે જે બાબત ધ્યાને લઈ તમામ આચાર્યશ્રીઓએ આ બાબતને પ્રાયોરીટી આપી ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે.

(એચ.આર.ઠોસાણી)
નાયબ નિયામક
અનુસૂચિતજાતિ કલ્યાણ
દેવભૂમિ દ્વારકા

**નકલ સવિનય રવાના:-**

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારું.
(૨) કુલ સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જિ.જુનાગઢ.
-/જાણ તથા તમામ કોલેજોને આપની કક્ષાએથી ઉક્ત બાબતે જરુરી સુચના આપવા સારુ.
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ. દેવભૂમિ દ્વારકા
-/જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારુ.
(૪) શગુન ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ,
પોરબંદર-ખંભાળીયા રોડ, ગંગા જમુના હોટેલ પાસે, રામનગર, તા.ખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકા.
(૫) ડિવાઇન ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ, ખંભાળીયા. તા.ખંભાળીયા, જિ.દેવભૂમિ દ્વારકા.

Academic Department
Inward No. 1642

GENERAL REGISTER
Inward No. 6512
Date 29/12/2025